Vol. 11, Issue: 9, Sept.: 2023
(IJRSML) ISSN: 2321 - 2853

# શિક્ષણમાં નવીન શૈક્ષણિક પદ્ધતિઓ અને પ્રવિધિઓનો અભ્યાસ

ડૉ. પ્રિયંકા જમુભાઈ પટેલ

**પ્રસ્તાવના**

શિક્ષણએ કોઈ સામાન્ય પ્રક્રિયા નથી. શિક્ષણએ એવી વિસ્તૃત પ્રક્રિયા છે જેને માત્ર કોઈ પ્રકારના કૌશલ્ય કે કાર્ય ને પૂર્ણ કરવા સુધી સીમિત કરી શકાય નહિ. આ એક એવી પ્રક્રિયા છે જેમાં વ્યકિતમાં રહેલી વિવિધ આંતરિક ક્ષમતાઓના સમગ્ર વિકાસની સાથે સાથે રાષ્ટ્રીય, સામાજિક, વ્યકિતગત સંદર્ભે ઉપયોગી થાય એવું વ્યકિત નિર્માણ કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

પ્રાચીન સમયમાં અપાતું શિક્ષણએ આધુનિકયુગના શિક્ષણ કરતાં ઘણું વિપરીત બની ગયું છે. આધુનિકયુગનું શિક્ષણએ અનેક કક્ષાએ હોવાથી તેનું મહત્વ વધી ગયું છે. પ્રાચીન સમયમાં શિક્ષણનો વ્યાપ સામાન્ય હતો. જયારે હાલમાં શિક્ષણમાં વ્યાવસાયિક વિષયો, ટેકનીકલ વિષયો જેવા અનેક વિષયોનો સમાવેશ થતો ગયો તેથી પ્રાથમિકથી લઈને ઉચ્ચ શિક્ષણ સુધી શિક્ષણનો વ્યાપ ખૂબ જ વધી ગયો છે.

વર્તમાન યુગએ જ્ઞાન વિસ્ફોટનો યુગ કહી શકાય. અને તેથી જ વર્તમાન સમયમાં શિક્ષણની પ્રણાલીને બાળકેન્દ્રી પદ્ધતિ ગણવામાં આવી રહી છે. કારણ કે શિક્ષણનો મુખ્ય હેતુ બાળકોનો સર્વાંગી વિકાસ કરવાનો છે. બાળકોના સર્વાંગી વિકાસને ધ્યાને લઈને શિક્ષણશાસ્ત્રીઓએ શિક્ષણમાં વિવિધ પદ્ધતિઓ અને પ્રવિધિઓનો સમાવેશ કર્યો છે. જે સંપૂર્ણપણે વિદ્યાર્થીઓની ક્રિયાશીલતાને વધારવા માટે નિર્ભર કરે છે.


શિક્ષણને વધારે રસપ્રદ અને જીવંત બનાવીને બાળકનો સર્વાંગી વિકાસ થાય તે હેતુથી વિવિધ પદ્ધતિઓ અને પ્રવિધિઓનો વિકાસ થયો છે.

જેમકે...

- ▪બ્રેઈન સ્ટ્રોમિંગ
- ▪આગમન શિક્ષણ પ્રતિમાન
- ▪સાથી જૂથ અધ્યયન
- ▪સેમિનાર વગેરે...

## (૧)Brain Storming (બ્રેઈન સ્ટોમિંગ)

આ પદ્ધતિ તેના નામ પરથી જ સ્પષ્ટ થાય છે કે વિદ્યાર્થીઓનાં મગજમાં જ્ઞાનની પ્રાપ્તિ તથા ચિંતન માટે હલચલ જગાડે છે. સામાન્ય અર્થ જોઈએ તો,




**એલેકસ ઓસબોર્ન** જણાવે છે કે,

"પરિસંવાદની એક એવી પ્રવિધિ છે કે જેના દ્વારા સમૂહના સભ્યો કોઈ ચોકકસ સમસ્યા પર સફળતાથી વિચાર કરે છે અને સમસ્યાનો ઉકેલ શોધે છે."

"Brain Storming is a part of problem solving which involves the creation of new ideas by suspending judgment"

- Honnry Dham

**સોપાન / પ્રક્રિયા**

Brain Storming એ વિવિધ સોપાનોથી થતી વિદ્યાર્થીઓના વિચારોનો ક્રમિક વિકાસ કરવા માટેની એક નવીનતમ પ્રક્રિયા છે.

- જૂથ પસંદગી
- સમસ્યાની પસંદગી
- ક્રમ નિર્ધારણ
- વિચારોની નોંધ
- વિચારોનું પ્રોત્સાહન
- ટીકા–ટીપ્પણી

## Brain- Storming ના ફાયદા


- વિદ્યાર્થીઓમાં સ્મરણ શકિતનો વિકાસ થાય છે.
- લોકશાહી મૂલ્યોનો વિકાસ વિદ્યાર્થીઓમાં થાય છે.
- વિદ્યાર્થીઓની નિર્ણય શકિતમાં વૃદ્ધિ થાય છે.
- વિદ્યાર્થીઓનું જ્ઞાન જીવંત બને છે.
- નબળા વિદ્યાર્થીઓને પણ પોતાના વિચારો રજૂ કરવાની તક મળે છે.
- નવીન વિચારો પ્રાપ્ત થાય છે.
- વિષયવસ્તુમાં વિદ્યાર્થીઓને રસ પડે છે.
- વિદ્યાર્થીઓ અને શિક્ષક વચ્ચે આત્મીયતાના સંબધો વિકસે છે.
- પોતાના વિચારો રજૂ કરવાની તક મળે છે.
- સમૂહભાવના વિકસે છે.
- આંતરિક શકિતઓનો વિકાસ થાય છે.
- વિદ્યાર્થીઓમાં મૌલિક વિચારો રજૂ કરવાનું કૌશલ્ય વિકસે છે.
- વિદ્યાર્થીઓમાં સર્જનાત્મક શકિતનો વિકાસ થાય છે.
- પરિણામને અંતે શ્રેષ્ઠ વિચાર પ્રાપ્ત થાય છે.
- ગ્રહન ચિંતન થવાથી સારા વિચારો મળે.
- સહકારની ભાવના વિકસે.
- જ્ઞાનમાં વૃદ્ધિ થાય.
- ભવિષ્યમાં સફળ થવા માગદર્શન મળે.
- વૈચારિક નિકટતાના સંબંધો સ્થપાય.
- નવા વિચારોથી બધા વિદ્યાર્થીઓ માહિતગાર થાય.

બ્રેઈન સ્ટ્રોમિંગએ મનોવૈજ્ઞાનિક પદ્ધતિ છે. જે વિદ્યાર્થીઓને શિક્ષણની પ્રક્રિયા સાથે કડીરૂપ ભાગ ભજવે છે અને વિદ્યાર્થીઓનો વિવિધ રીતે વિકાસ પણ કરે છે. અને વિદ્યાર્થીઓને સર્વાંગી વિકાસ તરફ લઈ જવા આ પદ્ધતિ ખૂબ જ અસરકારક છે.

## Peer Group Learning (સાથી– જૂથ અધ્યયન)

" કોઈ એક જૂથમાં સમાવેશ વિદ્યાર્થીઓ અસર–પરસ અધ્યયન પ્રક્રિયામાં શીખે અને શીખવે તો એવા શિક્ષણને સાથી–જૂથ અધ્યયન (શિક્ષણ) કહી શકાય.

– વિશ્વ કોશ




અહીં જૂથોમાં વહેંચાયેલા વિદ્યાર્થીઓ જૂથમાં મુદ્દાઓની ચર્ચા કરે છે. અને વિષય મુદ્દાની એકબીજા સાથે ચર્ચા કરી સમસ્યા ઉકેલ કરવાનો પ્રયત્ન કરે છે. ઘણીવાર દરેક શકિત વિદ્યાર્થીઓમાં હોતી નથી. આવી પરિસ્થિતિમાં શિક્ષકો આવડત ધરાવતાં વિદ્યાર્થીએ જૂથ નેતા બનવા માટે પ્રેરણા પૂરી પાડવી જોઈએ. જૂથ ચર્ચા દરમિયાનની સંપૂર્ણ જવાબદારી જૂથ નેતા પર હોય છે.

### જૂથના પ્રકાર

- અવૈધિક જૂથ (કામચલાઉ)
- વૈધિક જૂથ (ચોકકસ)
- લાંબા ગાળાના જૂથ

### સોપાનો

- હેતુઓ સ્પષ્ટ કરવા.
- આધાર વિધાનો સ્પષ્ટ કરવા.
- જૂથ રચના
- જૂથ ચર્ચા
- સમાપન અને અવલોકન

### Peer Group પદ્ધતિના ફાયદા

- આ પદ્ધતિ દ્વારા સરળતાથી જ્ઞાન પ્રાપ્તિ થાય છે.
- યુવાવસ્થાના વિદ્યાર્થીઓ જૂથમાં રહેવાનું વધારે પસંદ કરે છે જેથી આ વયના વિદ્યાર્થીઓ માટે જૂથ ચર્ચા વધુ અસરકારક પૂરવાર થાય છે.
- આ પદ્ધતિ દ્વારા સમૂહભાવનાનો વિકાસ થાય છે.
- શિક્ષણ અસરકારક બને છે અને વિદ્યાર્થીઓમાં વિવિધ કૌશલ્યનો વિકાસ થાય છે.
- વિવિધ મુદ્દાની સમજ સરળ બને છે.
- શિક્ષણ વધારે અસરકારક બને છે.
- લોકશાહી મૂલ્યનો વિકાસ થાય છે.
- વિદ્યાર્થીઓમાં નેતૃત્વની ભાવનનો વિકાસ થાય છે.
- અધ્યયન વધુ સમૃદ્ધ બને છે.
- સંઘભાવનો વિકાસ થાય છે.
- ભાઈચારથી કાર્યો કરવાની તાલીમ મળે છે.
- વિદ્યાર્થી– વિદ્યાર્થીઓ વચ્ચે આત્મીયતાનો ભાવ વિકસે છે.
- ખર્ચ નહિવત થાય છે.
- નેતૃત્વની તાલીમ વિદ્યાર્થીઓને મળે છે.
- વિદ્યાર્થીઓમાં વિવેકબુદ્ધિ વધુ જાગ્રત થાય છે.
- વિવિધ સંદર્ભોનો પણ ચર્ચામાં ઉપયોગ થાય છે.
- વિષયવસ્તુની ચર્ચા વિસ્તૃત રીતે થાય છે.
- વિદ્યાર્થીઓના વર્તનમાં પણ પરિવર્તન લાવી શકાય છે.

## Seminar (સેમિનાર)

A seminar is a form of academic instruction either at an academic institution or offered by a commercial or professional Organization. It has the function of bringing together small groups for recurring meetings, Focusing each time on some particular Subject, in which everyone present is requested to participate. This is often accomplished through an ongoing Socratic dialogue with a seminar leader or instructor or through a more formal presentation of research. It is essentially a place where assigned readings are discussed, questions can be raised and debates can be conducted.

### સેમિનાર પદ્ધતિના ફાયદા :

- વિદ્યાર્થી–વિદ્યાર્થી વચ્ચે સામૂહિક ભાવના વિકસે છે.
- વિદ્યાર્થીઓને પોતાના વિચારોની અભિવ્યકિતન મુકત મોકળાશ મળે છે.
- નેતાગીરીના ગુણનો વિકાસ થાય છે.
- વિદ્યાર્થીઓને સ્વ અધ્યયનની તક મળી રહે છે.
- વિચારોને સ્વીકારવાની તાલીમ પર સેમિનાર પદ્ધતિથી મળે છે.
- જ્ઞાનમાં વધારો પણ થાય છે.
- મુદ્દાઓના સંકલન માટેની તક મળે છે.
- વિવિધ કૌશલ્યનો વિકાસ કરી શકાય છે.

## Teaching model (આગમન શિક્ષણ પ્રતિમાન)

➢શિક્ષણશાસ્ત્રીઓ અને સંશોધનકારોએ એના સંશોધન દ્વારા કેટલીક શિક્ષણ પ્રયુકિતનું નિર્માણ કર્યુ. આ નિર્માણ પદ્ધતિ શિક્ષણ પ્રતિમાન પદ્ધતિ કહેવાય છે.

**" અધ્યાપનના સિદ્ધાંતોએ અધ્યયના સિદ્ધાંતોને આધારે સ્થાપિત થવા જોઈએ"**

**– કનિબેંક**

આદર્શ ઉદ્દેશ્ય અને રૂપરેખા અનુસાર વર્તન કે ક્રિયાને ઢાળવાની કે સબળ બનાવવાની પ્રક્રિયા એટલે આગમન શિક્ષણ પ્રતિમાન.

હાર્બટ સ્પેન્સર પંચપદી પ્રતિમાન બનાવતી વખતે વિદ્યાર્થીની રૂચિને ધ્યાનમાં રાખી હતી. આગમન પ્રતિમાનના લક્ષણોનો ખ્યાલ ડૉ. એ. આર. શર્મા એ આપ્યો હતો અને હિલ્દાતાબા એ ૧૯૬૬ માં આગમન પ્રતિમાન નો ખ્યાલ આપ્યો હતો.

### આગમન પ્રતિમાન શિક્ષણના ફાયદા

- આગમન શિક્ષણ પ્રતિમાન એક વૈજ્ઞાનિક પદ્ધતિ છે.
- હેતુને આધારે અધ્યાપન થતું હોવાથી આ પદ્ધતિ વધુ અસરકારક પદ્ધતિસાબિત થઈ છે.
- અધ્યેતાના વર્તનને સબળ બનાવવાની પ્રક્રિયા છે.
- સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને અધ્યાપન થતું હોવાથી આ પદ્ધતિ વધુ અસરકારક છે.
- આ પદ્ધતિએ વિવિધ સંશોધન કાર્ય થયા બાદ નિર્માણ થઈ હોવાથી આ પદ્ધતિ દ્વારા શિક્ષણએ વધુ ફળદાયી બની રહે છે.
- વ્યકિતગત વિકાસ થાય છે.

**સમાપન**

ઉપરોક્ત બાબત પરથી જાણી શકાય કે બ્રેઈન સ્ટ્રોમિંગ એક અત્યંત વિચારશીલ મનોવૈજ્ઞાનિક પદ્ધતિ છે જે વિદ્યાર્થીઓને શિક્ષણ–પ્રક્રિયા સાથે જોડી શકે છે. સાથે સાથે વિદ્યાર્થીઓમાં વિવિધ કૌશલ્યનો વિકાસ પણ કરે છે. સાથી જૂથ અધ્યયન દ્વારા વિદ્યાર્થીઓ અરસ – પરસથી જ્ઞાન મેળવે છે અને પોતાનો વ્યકિતગત વિકાસ તો કરે છે પરંતુ સાથે લોકશાહી મૂલ્યનો પણ વિકાસ કરે છે. સેમિનાર પદ્ધતિ દ્વારા નૂતન જ્ઞાનમાં વધારો થાય છે અને નવીનતમ જ્ઞાનનો ઉપયોગ ભવિષ્યમાં પણ લાભદાયી બની શકે છે. આગમન શિક્ષણ પ્રતિમાન સિદ્ધાંતો આધારિત હોવાથી આ પદ્ધતિ સચોટ અને વધુ વિશ્વસનીય પદ્ધતિ છે. આમ શિક્ષણમાં વિવિધ નવીનતમ પદ્ધતિનો વિકાસ થઈ રહયો છે પરંતુ આ ચારેય પદ્ધતિએ પણ શિક્ષણનો વ્યાપ વધારવામાં ઉપયોગી પૂરવાર થઈ છે. ટૂંકમાં કહી શકાય કે "વિવિધ પદ્ધતિ અને પ્રવિધિ શિક્ષણ માટે જરૂરી જ નહિ અનિવાર્ય છે."

**સંદર્ભ**

૧. ગોહિલ, નાયક, મહેતા અને ટંડેલ (૨૦૧૫–૧૬) અધ્યયન અને અધ્યાપન, પ્રથમ આવૃતિ, અમોલ પ્રકાશન, અમદાવાદ, પાના નં.૧૫૩.
૨. દેસાઈ અને પટેલ (૨૦૦૯) અધ્યેતા વિકાસ અને અધ્યાપન પ્રક્રિયા, અક્ષર પબ્લિકેશન, અમદાવાદ, પાના નં. ૪૦.
૩. માલી અને ચૌધરી (૨૦૧૫) ICT નો શિક્ષણમાં વિનિયોગ, અમોલ પ્રકાશનના અમદાવાદ,પાના નં.–૨
૪. આચાર્ય(૨૦૦૯) શિક્ષણ શિક્ષણ, અક્ષર પબ્લિકેશન, અમદાવાદ, પાના નં.૧,૩
૫. https://en.m.wikipedia.Org.
૬. https://youtube/59ac90k zzsy.